# ભૂખ્યાંને અન્ન મળે તે માટે દોડીને ઉજવાયો ઈન્ડિયન રનીંગ ડે





ગાંધીનગર, તા. ૨૨

ભારતના ૭૨મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે એક અનોખી દોડ યોજવામાં આવી હતી. 'ઈન્ડિયન રનિંગ ડે' તરીકે ઓળખાતી આ દોડમાં દુનિયાના ૧૬ દેશ, ૨૬ રાજ્યો, ૩૦૦ શહેર અને ૭૫૦૦થી વધુ રનર્સ જોડાયા હતા. સાયરન્સ ફાઉન્ડર રાહુલ શર્માએ અમદાવાદ-ગાંધીનગરના રનર્સ માટે આ દોડનું આયોજન કર્યુ હતું. હેલ્થ અને હંગરને મદદરૂપ થવા આ વિશેષ દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રત્યેક કિમીએ ૬૫ કેલરી એક ભૂખ્યાને મળે એવા આયોજન સાથે તેમણે એક દિવસમાં ૧૮૪૦૫૨૧ કેલરી એકત્ર કરી હતી, જેનાથી લગભગ ૬ હજાર ભૂખ્યાં બાળકોને અન્ન મળી શકશે.

આ દોડમાં દોડવીરો રાષ્ટ્રધ્વજ લઈને દોડ્યા હતા. તિરંગા પૅટર્નની ટીશર્ટ અને પોતાના નામ સહિતનો મૅડલ દોડવીરોને એનાયત કરવામાં આવ્યો હતો.

## જન્મદિને વધામણી



ગિરીશભાઈ કે શાહ
મો. ૭૭૭૯૦ ૧૭૬૫૯



દર્શના કમલેશ બેંકર
મો. ૯૯૧૩૧ ૪૩૬૦૦



સોનમ મુકેશ પરમાર



દેવાંશ કલ્પેશ બાલપાંડે

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

## શતકવીર રક્તદાતાનું સન્માન



ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સાહિત્યસભાના પૂર્વ અધ્યક્ષ, પત્રકાર, સાહિત્યકાર અને સમાજસેવક એવા ભરત કવિનું તાજેતરમાં શતકવીર રક્તદાતા તરીકે સન્માન કરવામાં આવ્યું છે. ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી ગુજરાત શાખા અને રાજભવન દ્વારા રાજ્યપાલ ઓ પી કોહલીજીના પ્રમુખસ્થાને રાજ્યના શતકવીર રકતદાતાઓને સન્માનિત કરવાનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં ગાંધીનગરના ભરત કવિનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ભરત કવિએ ૧૧૫ વખત રક્તદાન કર્યું છે. રાજ્યપાલ દ્વારા સન્માનિત ભરત કવિને ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉ, ઉપપ્રમુખ સંજય થોરાત, મંત્રી કલ્પેશ પટેલ, દૉલત ભટ્ટ, હરિકૃષ્ણ પાઠક, ભાનુ પુરાણી વગેરે તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## ઍમ બી પટેલ સ્કૂલની વિદ્યાર્થિનીઓ સૅ. ૨૧ પોલીસ સ્ટેશનની મુલાકાતે



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધોરણ-૭ની ૩૨૬ વિદ્યાર્થિનીઓએ સૅક્ટર-૨૧ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. અહીં તેમણે વિવિધ કાયદાકીય માહિતી ઉપરાંત પોલીસ સ્ટેશનનાં રોજિંદાં કાર્યો અંગે માહિતી પ્રાપ્ત કરી હતી. પોલીસ સ્ટેશનના કર્મચારીઓ દ્વારા મીઠું મોઢું કરાવી વિદ્યાર્થિનીઓને આવકારવામાં આવી હતી. તેમના સક્રિય સહકાર બદલ શાળા પરિવાર વતી પોલીસ સ્ટેશનના કર્મચારીઓ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

## એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા વૃક્ષારોપણ



ગાંધીનગર, તા. ૨૨

પર્યાવરણ જાગૃત્તિને ધ્યાનમાં રાખી શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખાના, સાદરાના રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયમ સેવકોએ સાદરા પરિસર અને સાદરા ગામની આજુ બાજુના ગામોની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓને સાથે રાખી વૃક્ષારોપણની સરસ કામગીરી કરી જેમાં ફૂલછોડની સાથે લીમડા, બોરસલી, આંવલા, કરણ, અર્ડુસા, લીંબુ અને આસોપાલવના વૃક્ષોના રોપા પરિસરની અંદર રોપવાની સરસ પ્રવૃત્તિ કરી જેમાં એન.એસ.એસ. સ્વય સેવકોમાંથી અર્જુન રાયશીખ, અનીલ કુકડિયા, અજય મેમાકિયા, રતન ડાભી, રણજીત કાળોતરા અને દેવાશીષ મોહંતીએ શાળાઓના નાના બાળકો અને બાલિકાઓને તેને મોટા કરવાની જવાબદારી આપી અને વૃક્ષો આપને શું શું આપે છે અને આપણી આવતી પેઢીઓ માટે પણ કેટલું જરૂરી છે તેની માહિતી ખુબજ સરસ રીતે આપી હતી આ એકમના સ્વય સેવકો સમયાંતરે આખા વર્ષ સુધી શાળાના વિધાર્થીઓને આ બાબતમાં પ્રેરિત કરતા રહે છે. આ વર્ષે નવા પ્રયોગ તરીકે એક સ્વય સેવકને એક વૃક્ષ ઉછેરવાની જવાબદારી આપી છે અને સ્વય સેવક તેના નામ લખેલી લોખંડની પ્લેટ આ વૃક્ષની સાથે મૂકી દે છે જેનાથી તેને આવતા જતા પોતાની જવાબદારીનો એહસાસ થાય છે અને તે જાતે આ કામગીરી માટે પ્રેરિત થાય આ પ્રવૃત્તિના આયોજનમાં સંસ્થાના ડીનશ્રી ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા, શ્રી રમેશભાઈ પટેલ અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટની મુખ્ય ભૂમિકા રહી છે.

## ૨૯મી માર્ચ, ૨૦૧૮ના રોજ નિવૃત્ત થનારા લોકો માટેની ગ્રેચ્યુઈટી મર્યાદા ૨૦ લાખ કરાઈ

ન્યુ દિલ્હી, તા.૨૨

૨૯ મી માર્ચ, ૨૦૧૮ ના રોજ અથવા ત્યાર પછીના નિવૃત્તિ થનારા લોકો માટે ૨૦ લાખની ગ્રેચ્યુઈટી મર્યાદા સુધારવામાં આવી છે. જ્યારે સપ્ટેમ્બર ૩૦, ૨૦૧૭ ના રોજ નિવૃત થનારાને ગ્રેચ્યુઈટી ૧૧,૭૫,૦૦૦ રૂપિયાનો મળી હતી. જેમાંથી ૧,૭૫,૦૦૦ કરપાત્ર હતી.

હવે ૨૮ મી માર્ચ, ૨૦૧૮ ના રોજ ગ્રેચ્યુઈટીની મર્યાદાને ૨૦ લાખ રૂપિયામાં સુધારીને કરવામાં આવી છે. અત્રે નોંધ લેવાની રહે છે, કે સુધારેલી ગ્રેચ્યુઈટી મર્યાદા ૨૯ માર્ચ, ૨૦૧૮ પછી નિવૃત્તિ થનારા માટે જ લાગુ પડે છે અને એ તારીખ પહેલાંના લોકો માટે નહીં. તમે ૩૦ મી સપ્ટેમ્બર, ૨૦૧૭ ના રોજ નિવૃત્ત થયા બાદ ગ્રેચ્યુટી મુક્તિ માટે રૂ. ૧૦ લાખની મર્યાદા જ તમારા માટે લાગુ પડશે. જો કોઈ ૬૮ વર્ષનો વયસ્ક છે,તો વ્યાવસાયિક ફી ચૂકવવામાં આવે છે અને ટીડીએસ ૧૦% પર કાપવામાં આવે છે.

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ સુધીમાં આઈટીઆર -૪ દ્વારા વળતર નોંધાવ્યુ છે,પણ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં, આઈ.ટીઆર -૩ નો ઉપયોગ કર્યો હતો શું આઈટીઆર-૪ મારફતે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માટે મારા વળતરને દાખલ કરી શકાય..? ૨૦૧૮-૧૯ના વર્ષ માટે તમારી આવકવેરા રીટર્ન ફાઈલ કરવા માટે તો, ફોર્મ આઈટીઆર ૩ નો ઉપયોગ કરવો પડશે. જો વિભાગ ૪૪છ૬છ નો લાભ મેળવી શકો છો, તો ફોર્મ આઈટીઆર ૪ ફાઈલ કરી શકો છો. આ વિભાગ પ્રમાણે, જો તમારી એકંદર રસીદો ૫૦ લાખથી ઓછી હોય, તો તમારા એકંદર આવકનો ૫૦% તમારી વ્યાવસાયિક આવક તરીકે ગણવામાં આવે છે.

આ ઉપરાંત, એ નોંધવું જોઈએ કે કલમ ૪૪છ૬છ નો લાભ માત્ર ચોક્કસ તબીબી, એન્જિનિયરિંગ, આર્કીટેક્ચર, એકાઉન્ટન્સી, તકનીકી કન્સલ્ટન્સી, આંતરિક સુશોભન વગેરે જેવા ચોક્કસ વ્યવસાયો દ્વારા લેવામાં આવે છે.


## શ્રી જોઈતારામ વિદ્યામંદિર ખાતે ઓરી-રૂબેલા રસીકરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૨

શ્રી જોઈતારામ શંકરદાસ પટેલ વિદ્યામંદિરના પ્રાથમિક-માધ્યમિક વિભાગના તમામ વિદ્યાર્થીઓને રૂપાલ આરોગ્ય કેન્દ્ર દ્વારા ઓરી-રૂબેલાની રસી આપવામાં આવી હતી. શાળા તથા આરોગ્ય ખાતાના સ્ટાફે આ કાર્યમાં સહયોગ પૂરો પાડ્યો હતો. આ રસીકરણ કાર્યક્રમનું આયોજન અનિલભાઈ નાયક દ્વારા કરવામાં આવ્યું હતું.

### સરગાસણ ખાતે કાર્યરત

## વેદ સ્કૂલના બે વિદ્યાર્થી ટૅકનોથ્લોનમાં અવ્વલ



વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણ ખાતે અભ્યાસ કરતા બે વિદ્યાર્થી યશ બાલકૃષ્ણ ભટ્ટ અને કરણ ખીમભાઈ બોદર આઈઆઈટી, ગ્વાલિયર દ્વારા લેવામાં આવેલી ટૅકનોથ્લોન પરીક્ષામાં પ્રથમ ક્રમાંકથી ઉત્તીર્ણ થયા છે. સમગ્ર શાળા પરિવાર વતી તેમને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## અહિંસા જ સર્વશ્રેષ્ઠ ધર્મ અને એનું પાલન જ સાચી માનવતા

ગાંધીનગર, તા. ૨૨

સંસારના સમસ્ત પ્રાણિયોમાં એક સમાન જીવાત્મા છે, સમસ્ત જીવ સમાન રૂપે સુખ-દુખ અનુભવે છે અને સમાન રૂપે જ જીવવાની ઈચ્છા કરે છે તોય નિબલ, અસહાય અને અબોલા જીવો હિંસાનો શિકાર બને છે. સંસારનો કોઈ પણ ધર્મ હિંસાનો સમર્થન કરતો નથી! ચર્યાચક્રવર્તી પરમ પૂજ્ય ૧૦૮ આચાર્યશ્રી સુનીલ સાગરજી મહારાજે અહિંસાની વર્તમાન પ્રાસંગિકતા પર અને માનવ સમુદાય માટે એની અનિવાર્યતા પર પોતાના વિચારો સ્પષ્ટ કરતાં કહ્યું કે સમસ્ત જીવ ચૈતન્ય દૃષ્ટિએ સમાન છે. જ્યારે સૌ ને પોતાના પ્રાણ પ્યારા છે તો કોઈ રીતિ-રિવાજ અને અજ્ઞાનતાની આડમાં કોઈ પ્રાણીના પ્રાણોનો હનન કેવી નીતિમત્તા છે? આવો ક્રૂર અધિકાર લોકો કેવી રીતે મેળવી શકે? માનવને વધુ ભોગવાનો અધિકાર છે એ પણ બીજાના અસ્તિત્વની કિંમત પર? ના, અબોલા કે મૂક પશુ-પક્ષિઓની હત્યા ક્રૂરતમ અને અમાનવીય કૃત્ય જ હોઈ ભલે પરિસ્થિતિ ગમે તેવી હોય. જગઉદ્ધારક પ્રભુ મહાવીર સ્વામીજી એ કોઈ પણ ભેદભાવ રાખ્યા વગર જગતના કલ્યાણ માટે જીવો અને જીવવા દો નું કરુણામય, દયામય સંદેશ આપ્યો હતો જેની આજે પણ જરૂરિયાત છે. આ જ ધર્મનો સાર કહેવાય. મહાકવિ તુલસીદાસે પણ કહેલુ કે – દયા ધર્મ કા મૂલ હૈ, પપ મૂલ અભિમાન, તુલસી દયા ન છાંડ઼યિે, જો લગ ઘટ મેં પ્રાના દયાને ત્યજવું ક્યારેક હિતાવહ નહિં. અહિંસાના સમર્થન અને કરૂણઆના પ્રસાર અંગે સંત કબીર વિવેકપૂર્ણ નિવેદન કરે છે કે કોઈ પણ નિબલ પ્રાણીને સતાવવું જોઈએ નહિં કેમ કે એની હાય ઘણા તાકતવરોને ધૂળગ્રસ્ત બનાવી દે છે- નિર્બલ કો ન સતાઈયે જાકી મોટી હાય, મુઈ ખાલ કી શ્વાંસ સો સાર ભસ્મ હોઈ જાય. જ્યારે મરેલા પશુની ખાલમાં થી હવા પસાર થવાથી લોખંડ જેવી વસ્તુ પણ નષ્ટ થઈ જાય છે ત્યારે અકારણ હતાહત થયેલા પશુઓની હાયથી શું ના થઈ શકે? આપણે સમજવું પડશે કે આ જગત બધાના કલ્યાણ, સુખ, શાંતિ અને સમૃદ્ધિની દૃષ્ટિએ અહિંસા, પ્રેમ, દયા અને કરૂણા જ શ્રેષ્ઠ છે જેની પાલના દરેક વ્યક્તિ અને વિવેકવાન પ્રાણી માટે અનિવાર્ય છે.

આજે પ્રવચનના આરંભમાં સંઘસ્થ મુનિશ્રી સુધીર સાગરજી મહારાજે ગુરૂની અપરંપાર મહિમાનો વખાન કરતા કહ્યું કે જે રીતે વર્ષા જલ જીવન માટે જરૂરી અને કલ્યાણકારી છે તેમજ સાચા ગુરુની અમૃતમયી વાળી, માર્ગદર્શન જીવનના ઉદ્ધાન માટે જરૂરી છે, પ્રસન્નતાદાયક છે, પ્રેરણાદાયક છે. જેના જીવનમાં ગુરુકૃપા નથી તેનો જીવન દરિયામાં આવાતા રત્નોથી ભરેલા એવા વહાણ જેવું છે જે નાવિક વગરનો છે એવો વહાણ દરિયા કિનારે ડૂબી શકે છે. વર્તમાન સમયમાં સાચા ગરુ જ છે જે સાચા દેવની પહેચાન કરાવે છે અને સાચા શ્રુત-જિનવાણીનો વ્યવસ્થિત બોધ કરાવે છે, સાચા ગુરુનો સંગાથ, વાત્સલય ભવપાર કરાવે છે, મોક્ષમાર્ગમાં સફળતાપૂર્વક લઈ જાય છે. પરમ કૃપાલુ આવા સાચા ગુરુના ઉપકારથી ક્યારેય ઉઋણ થઈ શકાય નહિં. આજના દિવસે અહિંસાની જન જનમાં પ્રભાવના માટે આચાર્યશ્રીની મંગલ પ્રેરણા અને સાનિધ્યમાં શ્રી સન્મતિ સમવશરણ, શ્રી ૧૦૦૮ મહાવીર સ્વામી દિગંબર જૈન મંદિર, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે મહામંત્ર ણમોકારનો અખંડ પાઠ આજ સવાર ૧૦.૦૦ વાગ્યાથી કાલ સવાર ૭.૦૦ વાગે સુધી રાખવામાં આવ્યો છએ જેનો લાભ સમસ્ત સમાજ મેળવશે.

### ઓનલાઈન ટિકિટ ધારકો માટે નિયમોમાં ફેરફાર

## હવે મુસાફર વેઈટિંગ લિસ્ટમાં હોવા છતાં તે ટિકિટ પર મુસાફરી કરી શકશે

ન્યુ દિલ્હી, તા.૨૨

રેલ યાત્રીઓ માટે ખુશખબર આવી છે. જો યાત્રા શરૂ થતાં પહેલાં તમારી ટિકિટ વેઈટિંગમાં હોય તો પણ તમે યાત્રા કરી શકશો. ઈન્ડિયન રેલ કેટરિંગ એન્ડ ટૂરિઝન કોર્પોરેશને હવે ઓનલાઈન ટિકિટ ધારકો માટે નિયમોમાં થોડા ફેરફાર કર્યા છે. જે પછી વેઈટિંગ લિસ્ટમાં હોવા છતાં તે ટિકિટ પર તમે મુસાફરી કરી શકશો. તેના માટે તમારે કેટલાંક નિયમોનું પાલન કરવુ પડશે. જે પછી મુસાફરીમાં તમને કોઈપણ પ્રકારની મુશ્કેલી નહી આવે. અત્યાર સુધી રેલ યાત્રીઓ માટે એવો નિયમ હતો કે વેઈટિંગ ટિકિટ ધરાવતા મુસાફરો યાત્રા ન કરી શકે. ફકત વિન્ડો અથવા કાઉન્ટર પરથી ખરીદવામાં આવેલી ટિકિટ પર પોતાની શ્રેણીમાં દિવસ દરમિયાન સફર કરી શકે છે. આ નિયમ ઓનલાઈન બુકિંગ કરેલી ટિકિટ પર લાગૂ થતો ન હતો. ઑનલાઈન બુક કરેલી વેઈટિંગ ટિકિટ યાત્રી હજુ પણ યાત્રા ન કરી શકે અને જો મુસાફરી કરવામાં આવે તો ટિકિટ વિના મુસાફરી કરવા માટે જવાબદાર માનવામાં આવશે.

હવે આઈઆરસીટીસીએ વેઈટિંગમાં આવતા મુસાફરોને સુવિધા આપવા માટે જણાવ્યું છે કે ચાર્ટ બની ગયાં બાદ જે મુસાફરોનું નામ હશે તે મુસાફરી કરી શકશે. તેવામાં તે યાત્રીઓએ યાત્રા કરવા પર કોઈ દંડ ચુકવવો નહી પડે જેની ટિકિટ વેઈટિંગ લિસ્ટમાં હશે. ધારી લો કે તમે એક ટિકિટ બુક કરાવી છે અને તેમાં છ મુસાફરોનું નામ છે. ટિકિટ બુક થયા પછી જો ત્રણ મુસાફરોની ટિકિટ કન્ફર્મ થાય અને ત્રણનું નામ વેઈટિંગમાં હોય તો તમામ ૬ યાત્રી આ ટિકિટ પર મુસાફરી કરી શકે છે. આવું એટલા માટે કારણ કે તમામનું નામ ચાર્ટમાં હશે. આ ત્રણેય યાત્રીઓ પાસેથી કોઈ દંડ વસૂલવામાં નહી આવે.

### કૅડિલા ફાર્માસ્યુટિકલ્સ દ્વારા

## ભાટ ખાતે નિઃશુલ્ક મૅડિકલ કૅમ્પ




ગાંધીનગર, તા. ૨૨

સામાજિક જવાબદારીના ભાગરૂપે કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ દ્વારા અમદાવાદ જિલ્લાના ભાટ ખાતે નિઃશુલ્ક આરોગ્ય તાપસ અને સારવાર શીબીરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાટ તેમજ નજીકના ગામડાંઓ માંથી લગભગ ૯૫૦ જેટલા ગરીબ, જરૂરિયાતમંદ દર્દીઓએ તાપસ અને સારવારનો લાભ લીધો હતો. ૧૦ જેટલા વિવિધ નિષ્ણાત ડોક્ટર્સની ટીમ તથા ૧૫ જેટલા આરોગ્ય સહાયક દ્વારા આ કેમ્પમાં સેવાઓ પૂરીપાડવામાં આવી હતી તેમજ તાત્કાલિક જરુરીઆત વાળા દર્દીઓને જરૂરી દવાઓ પણ નિઃશુલ્ક પુરી પાડવામાં આવી હતી. કેમ્પ દરમિયાન ૭૪ એવા દર્દીઓ તપાસવામાં આવ્યા કે જેઓને વધુ સારવારની જરૂર હતી. આવા દર્દીઓને કેડિલા દ્વારા કાકા બા હોસ્પિટલ, હાંસોટ ખાતે આંખ, દાંત, સ્ત્રીરોગ, પ્લાસ્ટિક અને જનરલ સર્જરી વિ. વધુ જરૂરી સારવાર તદ્દન નિઃશુલ્ક પુરી પાડવામાં આવશે.

કેડિલા ફાર્માસ્યુટિકલ્સના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર, ડો. રાજીવ મોદી, દ્વારા જણાવવામાં આવ્યું કે કેડિલા હંમેશા સંપૂર્ણ અને સાતત્યપૂર્ણ વિકાસ માટે સતત પ્રયત્નશીલ અને કટિબદ્ધ છે. કાકા બા ટ્રસ્ટ હેઠળ અમો સામાજિક વિકાસ માટેના વિવિધ આયોજનો કરી જરૂરિયાતમંદ લોકોની સુખાકારી માટે હંમેશા પ્રયત્નો કરતા આવ્યા છીએ.

આ પ્રસંગે કાકા બા હોસ્પિટલના મુખ્ય સંયોજક ડો. ભારત ચાંપાનેરિયાએ જણાવ્યું હતું કે, અમારો ઉદ્દેશ્ય રાજ્યના વધુ ને વધુ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચીને તેમને ગુણવત્તા સભર આરોગ્ય સેવાઓ પુરી પાડવાનો છે. તેમજ આવનારા સમયમાં આરોગ્ય સેવાઓ અને સાતત્યપૂર્ણ વિકાસ માટેનો અમારો પ્રયત્ન હંમેશા ચાલુ રહશે.

## મૅડિકલમાં પ્રવેશ મેળવવા માગતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને સ્યુટેબિલિટીના આધારે જ પ્રવેશ અપાશે : હાઈકોર્ટ

અમદાવાદ, તા.૨૨

એમબીબીએસમાં પ્રવેશ મેળવવા માંગતા દિવ્યાંગ વિદ્યાર્થીઓના મામલે ગુજરાત હાઈકોર્ટનો મહત્વનો ચૂકાદો આવ્યો છે. જેમાં હાઈકોર્ટે જણાવ્યું છે કે મેડિકલમાં પ્રવેશ મેળવવા માંગતા દિવ્યાંગ વિદ્યાર્થીઓની સ્યૂટેબિલિટીના આધાર ઉપર જ તેમને પ્રવેશ આપી શકાય. હાઈકોર્ટ એ પણ ઠરાવ્યું છે કે વિદ્યાર્થીની suitability નક્કી કરવા અને તેની પર નિર્ણય લેવા તંત્ર પાસે અધિકાર છે. હાઈકોર્ટે નોંધ્યું હતું કે "માત્ર સારા માર્ક અથવા મેરીટમાં હોવાથી મેડિકલ જેવા પ્રોફેશનમાં જવા માટેના પ્રવેશનો માર્ગ ખુલ્લો થતો નથીપ. ડિસેબિલિટી કયા પ્રકારની અને કેટલી છે તેને જોઈને વિદ્યાર્થીને પ્રવેશ આપવા અંગે નિર્ણય લેવાનો તંત્રને અધિકાર છે."

આ સાથે મેડિકલમાં પ્રવેશ મેળવવા અંગે દિવ્યાંગ વિદ્યાર્થીઓએ કરેલી અરજીને કોર્ટે ફગાવી દીધી હતી.